# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### આઠમું સત્ર

## તારાંકિત પ્રશ્નોત્તરી
## મંગળવાર, ૧૦ માર્ચ, ૨૦૨૬ (બીજી બેઠક)

----

**જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓ** [શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ - નાણા - ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ - સામાજિક ન્યાય અને અધિકારિતા - અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો - પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ ].

**કુલ પ્રશ્નો 71**

----

### "સ્વચ્છ શહેર, સુંદર શહેર" યોજના અન્વયે અમદાવાદ મહાનગરપાલિકાને ગ્રાન્ટ

15/8/1407 *1 **શ્રી અમુલ ભટ્ટ (મણીનગર):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન "સ્વચ્છ શહેર, સુંદર શહેર" યોજના અંતર્ગત અમદાવાદ મહાનગરપાલિકાને કુલ કેટલી ગ્રાન્ટ મળવાપાત્ર છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના અન્વયે અમદાવાદ મહાનગરપાલિકાને કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે, અને

(૩) આ ગ્રાન્ટનો ઉપયોગ કયા કામો માટે કરવામાં આવેલ છે?

----

### અમદાવાદ જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષકનું મંજૂર મહેકમ

15/8/1454 *2 **શ્રી કિરીટસિંહ સરદારસંગ ડાભી (ધોળકા):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-૩)નું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા શી કાર્યવાહી કરવામાં આવી?

----

## પી.વી.મોદી હાઈસ્કુલ પાસેથી દંડની રકમ વસૂલવા બાબત

15/8/2259 *3 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૨૦-૦૩-૨૦૨૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૫/૬/૨૪૬૯ (અગ્રતા-૩) ના અનુસંધાને માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧-૨૦૨૬ની સ્થિતિએ જામનગરની પી.વી.મોદી હાઈસ્કુલને ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ ૨૦૧૭ ની કલમ-૧૪(૧) મુજબ ૨,૫૦,૦૦૦/- નો દંડ કરવામાં આવ્યો હતો તે દંડની રકમ વસૂલ કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો ના, તો રકમની વસૂલાત ના થવાના કારણો શા છે, અને

(૩) ક્યાં સુધીમાં ઉક્ત રકમની વસુલાત કરવામાં આવશે?

----

## રાજકોટ જિલ્લામાં પેન્શનરોનું મેડિકલ રિએમ્બર્સમેન્ટ

15/8/1416 *4 **ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા (ધોરાજી):**

**નાણા :-**

માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કેટલા પેન્શનરો મેડિકલ રિએમ્બર્સમેન્ટ મેળવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ મેડિકલ રિએમ્બર્સમેન્ટ પેટે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી છે?

----

## મહેસાણા મહાનગરપાલિકાને ફાળવેલ બસો

15/8/1398 *5 **શ્રી મુકેશકુમાર દ્વારકાદાસ પટેલ (મહેસાણા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળની મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન સેવા અંતર્ગત મહેસાણા મહાનગરપાલિકા માટે કેટલી બસો મંજૂર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી બસો સંચાલનમાં છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## નવસારી અને વલસાડ જિલ્લામાં સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા

15/8/2283 *6 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ નવસારી અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ નથી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓમાં પીવાના પાણી માટે શી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે, અને

(3) ઉક્ત શાળાઓમાં ક્યાં સુધીમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે?

----

## બારડોલી નગરપાલિકા હસ્તકના રેલવે ઓવરબ્રીજ/અંડરપાસ

15/8/1400 *7 **શ્રી મોહનભાઇ ધનજીભાઇ ઢોડિયા (મહુવા (એસ.ટી.)):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ બારડોલી નગરપાલિકા હસ્તકના રેલવે લેવલ ક્રોસીંગના સ્થળે રેલવે ઓવરબ્રીજ/અંડરપાસની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે,

(૩) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને

(૪) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## નખત્રાણા ખાતે અનુસૂચિત જાતિ કન્યા છાત્રાલય બનાવવા

15/8/1167 *8 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના નખત્રાણા ખાતે અનુસૂચિત જાતિ કન્યા છાત્રાલયની બિલ્ડીંગ બનાવવાની કોઈ કામગીરી થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો છાત્રાલયના બાંધકામની પ્રક્રિયા કયા તબક્કે છે?

----

## ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2252 *9 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ-કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?

----

## રાજકોટ અને સુરત જિલ્લામાં ઔદ્યોગિક ગૃહ/ એકમોને વીજ શુલ્કમાં માફી

15/8/1485 *10 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર):**

**નાણા :-**

માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૦૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને સુરત જિલ્લામાં જિલ્લાવાર ઔદ્યોગિક ગૃહ / એકમને વીજ શુલ્કમાં માફી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઔદ્યોગિક ગૃહ/એકમને જિલ્લાવાર કેટલી રકમની વીજ શુલ્કમાં માફી આપવામાં આવી, અને

(૩) ઔધોગિક ગૃહ / એકમોને વીજ શુલ્કમાં માફી આપવાના મુખ્ય કારણો શા છે?

----

## પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત રાજકોટ શહેરમાં મંજૂર પ્રોજેક્ટ

15/8/1455 *11 **શ્રી ઉદય કાનગડ (રાજકોટ પૂર્વ):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત રાજકોટ શહેરમાં કોઈ પ્રોજેક્ટ મંજૂર થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો, કુલ કેટલા આવાસના અને કેટલી રકમના પ્રોજેક્ટો મંજૂર થયેલ છે?

----

## વેસ્ટ ટુ વેલ્થ અંતર્ગત ઘન કચરામાંથી બાયો-ગેસ

15/8/1977 *12 **શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેસ્ટ ટુ વેલ્થ અંતર્ગત ઘન કચરામાંથી બાયો-ગેસ ઉત્પન્ન થાય તે માટે કોઈ કામગીરી કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) મંજૂર થયેલ પ્રોજેક્ટ માટે કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ છે?

----

## આણંદ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય

15/8/1448 *13 **શ્રી ગોવિંદભાઇ રઇજીભાઇ પરમાર (ઉમરેઠ):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૨૫-૨૬માં ધો. ૧ થી ૮માં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કેટલા વિદ્યાર્થીઓને ગણવેશ સહાયનો લાભ આપવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે કેટલી રકમની ગણવેશ સહાય ચૂકવવામાં આવી?

----

## બોટાદ જિલ્લામાં વિકસતી જાતિના કુમાર અને કન્યા છાત્રાલય બનાવવાની કામગીરી

15/8/1280 *14 **શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા (બોટાદ):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા ૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં વિકસતી જાતિના કુમાર અને કન્યા છાત્રાલય બનાવવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત છાત્રાલયનું કામ ક્યારે શરૂ થયેલ છે, અને તેનો અંદાજિત ખર્ચ કેટલો છે?

----

## ખારીકટ કેનાલની કામગીરીમાં થયેલ ગેરરીતિની ફરિયાદો

15/8/1701 *15 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં આવેલ ખારીકટ કેનાલની કઈ કામગીરી, કઈ એજન્સીને કેટલા ખર્ચે સોંપવામાં આવેલ છે,

(૨) ઉક્ત કામગીરી પ્રોજેક્ટની ડિઝાઈન તથા લે-આઉટ પ્લાન પ્રમાણે થઈ છે કે કેમ,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત કામગીરીમાં ગેરરીતિ થઈ હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૪) મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## 'નલ સે જલ' યોજના અંતર્ગત શહેરા નગરપલિકા વિસ્તારમાં પાણી

15/8/1488 *16 **શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં શહેરા નગરપલિકા વિસ્તારમાં 'નલ સે જલ' યોજના અન્વયે પાણી પહોંચાડવા માટેની કાર્યવાહી કયા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત વિસ્તારમાં ઉક્ત યોજના અન્વયે પાણી પહોંચાડવા માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના અંતર્ગત પાણી નગરપાલિકાના કયા વિસ્તારમાં પહોંચાડવાનું બાકી છે?

----

## કેન્દ્ર સરકાર દ્વારા વાયુ પ્રદૂષણ નિવારવા ફાળવેલ રકમ

15/8/1130 *17 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યમાં વાયુ પ્રદૂષણ નિવારવા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં વર્ષવાર કેટલી રકમ ફાળવી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ વણવપરાયેલી રહી, અને

(૩) તેના કારણો શા છે?

----

## રાજ્યમાં રખડતાં ઢોરને કારણે અકસ્માતે થતા મોત બદલ વળતર

15/8/2263 *18 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં શહેરી વિસ્તારમાં રખડતાં ઢોરને કારણે અકસ્માતે નાગરિકોના થતા મૃત્યુ કે શારીરિક ઈજાના કિસ્સામાં વિભાગ દ્વારા આર્થિક વળતર ચૂકવવામાં આવેલ છે કે કેમ?

----

## રાજકોટ જિલ્લામાં ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી વીજ કર લેવા બાબત

15/8/1419 *19 **શ્રી રમેશભાઇ વીરજીભાઇ ટીલાળા (રાજકોટ દક્ષિણ):**

**નાણા :-**

માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી કેટલા દરે વીજ કર લેવામાં આવે છે, અને

(૨) આ વીજ કર દરમાં રાહત આપવામાં આવે છે કે કેમ?

----

## મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2280 *20 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર

સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ-કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર ઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?

----

## મોરબી અને ભરૂચ જિલ્લામાં ઔદ્યોગિક ગૃહ / એકમોને વીજ શુલ્કમાં માફી

15/8/1270 *21 **શ્રી સુધીરભાઇ વાઘાણી (ગારીયાધાર):**

**નાણા :-**

માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૦૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર ઔદ્યોગિક ગૃહો/એકમોને વીજ શુલ્કમાં માફી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઔદ્યોગિક ગૃહો/ એકમોને જિલ્લાવાર કેટલી રકમની વીજ શુલ્કમાં માફી આપવામાં આવી?

----

## અમૃત ૨.૦ યોજના અંતર્ગત સુરત શહેરમાં પાણી પુરવઠાની કામગીરી

15/8/1399 *22 **શ્રી અરવિંદ શાંતિલાલ રાણા (સુરત(પુર્વ)):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અમૃત ૨.૦ યોજના હેઠળ સુરત શહેરના અબ્રામા, ઉમરા અને ગોઠણ વિસ્તારને આવરી લીધેલ પાણી પુરવઠાનું કામ કયા તબક્કે છે,

(૨) ઉક્ત કામમાં કયા-કયા ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે,

(૩) ઉક્ત કામ હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૪) ખર્ચ કરેલ કુલ રકમમાંથી કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કેટલી સહાય પૂરી પાડવામાં આવેલ છે?

----

## સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના

15/8/1453 *23 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી કુલ કેટલી રકમની લોન આપવામાં આવી?

----

## રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના

15/8/1452 *24 **શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલી રકમની લોન આપવામાં આવી?

----

## પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત સુરત અને ગાંધીનગરમાં બેનિફિસિયરી લેડ કન્સ્ટ્રક્શન ઘટકમાં આવાસો

15/8/1456 *25 **શ્રી કાંતીભાઇ હિંમતભાઇ બલર (સુરત (ઉત્તર)):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત સુરત અને ગાંધીનગર ઝોનની નગરપાલિકાઓમાં બેનિફિસિયરી લેડ કન્સ્ટ્રક્શન ઘટક હેઠળ કેટલા આવાસો મંજૂર કરાવવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી સુરત ઝોનમાં નગરપાલિકાવાર કેટલા આવાસો મંજૂર થયેલ છે?

----

## બનાસકાંઠા જિલ્લામાં ગુણોત્સવ

15/8/2254 *26 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કયા ગ્રેડમાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સી અને ડી ગ્રેડમાં આવતી સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા શા પગલા લેવામાં આવ્યા?

----

## ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજ બાબત

15/8/2087 *27 **શ્રી માવજીભાઇ મગનભાઇ દેસાઇ (ધાનેરા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં એક પણ વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજ આવેલ નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત તાલુકાઓમાં નવી સરકારી કોલેજ બનાવવાનું સરકારનું આયોજન છે કે કેમ?

----

## મકાન પેશગી અન્વયે ના-લેણા પ્રમાણપત્રની અરજીઓ

15/8/1414 *28 **શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત):**

**નાણા :-**

માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરીમાં તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ મકાન પેશગી અન્વયે ના-લેણા પ્રમાણપત્રની કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) ઉક્ત પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

----

## સુરત જિલ્લામાં ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી વીજકર લેવા બાબત

15/8/1411 *29 **શ્રી મનુભાઇ એમ. પટેલ (ઉધના):**

**નાણા :-**

માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી કેટલા દરે વીજ કર લેવામાં આવે છે, અને

(૨) આ વીજ કર દરમાં રાહત આપવામાં આવે છે કે કેમ?

----

## છોટાઉદેપુર જિલ્લામાં નવી માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ બાબત

15/8/1656 *30 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં નવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને કેટલી, ક્યારે અને કયા સ્થળે મંજૂરી આપવામાં આવી?

----

## ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2276 *31 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ-કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર ઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?

----

## વડોદરા મહાનગરપાલિકાના ભૂગર્ભ ગટર પાઈપલાઈનના મંજૂર કામ

15/8/1397 *32 **શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વડોદરા મહાનગરપાલિકાના ભૂગર્ભ ગટર પાઈપલાઈનના પુનઃસ્થાપનના માઈક્રોટનલિંગ પધ્ધતિથી કોઈ કામો મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો કુલ કેટલા કામ મંજૂર કરવામાં આવેલ છે,

(૩) ઉક્ત કામગીરી પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને

(૪) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળની હદમાં એગ્રિકલ્ચર ઝોનમાં આવતી જમીનોમાં બાંધકામ પરવાનગી બાબતે

15/8/1340 *33 **શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલા (વાઘોડીયા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વુડાના વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળની હદમાં એગ્રિકલ્ચર ઝોનમાં આવતી જમીનોમાં કોઈ અન્ય પોલિસી અન્વયે બાંધકામ અંગે ની મંજૂરીઓ કે વિકાસ પરવાનગીઓ આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ક્યારે, કયા સ્થળે અને કેટલા ક્ષેત્રફળમાં ઉક્ત પરવાનગી આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત પરવાનગીઓ આપવાના કારણો શા છે?

----

## દાહોદ અને મહીસાગર જિલ્લામાં શિક્ષણ સહાયકોની ભરતી

15/8/1435 *34 **શ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી (દાહોદ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને મહીસાગર જિલ્લામાં બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેટલા શિક્ષણ સહાયકોની ભરતી કરવામાં આવી?

----

## અમરેલી જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ બાબત

15/8/1902 *35 **શ્રી મહેશ કસવાલા (સાવરકુંડલા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**
માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કુલ કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકોનું મંજૂર મહેકમ કેટલું છે,

(૩) ઉક્ત મંજૂર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## મકાન પેશગી અન્વયે વ્યાજ સમર્થનની અરજીઓ

15/8/1415 *36 **શ્રી પ્રવિણભાઇ મનજીભાઇ ઘોઘારી (કરંજ):**

**નાણા :-**
માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરીમાં મકાન પેશગી અન્વયે વ્યાજ સમર્થનની કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) ઉક્ત પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

----

## શામળાજી ખાતે પ્રસ્તાવિત સુધારા ટી.પી.

15/8/2266 *37 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**
માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી ખાતે પ્રસ્તાવિત સુધારા ટી.પી. કયા તબક્કે છે?

----

## મહીસાગર જિલ્લામાં બાળકોને મફત પરિવહન સુવિધા

15/8/1427 *38 **શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ (બાલાસિનોર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**
માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫-૨૬માં મહીસાગર જિલ્લામાં તાલુકાવાર સમગ્ર શિક્ષા અંતર્ગત મફત પરિવહન સુવિધાનો લાભ કેટલા બાળકોને આપવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ યોજના અંતર્ગત કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2248 *39 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન,ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ-કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર ઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?

----

## આણંદ જિલ્લાની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

15/8/2277 *40 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ આણંદ જિલ્લાની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં છેલ્લા બે વર્ષમાં ભૂગર્ભ ગટર યોજના અને પીવાના પાણી માટે કઈ યોજનાને ક્યારે મંજૂરી આપવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી માટે કઈ એજન્સીને ક્યારે કેટલી રકમનો વર્ક ઓર્ડર આપવામાં આવ્યો, અને

(૩) ઉક્ત યોજનાની અંદાજિત રકમ ઉપરાંત કેટલી રકમની વધારે ચૂકવણી કયા વધારાના કામ પેટે કરવામાં આવી?

----

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી

15/8/1177 *41 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી

જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતા વધારે કિંમત વસૂલ કરવા બાબતે કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પૈકી બાયડ,માલપુર અને સાઠંબા તાલુકામાં તોલમાપ તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતા વધારે કિંમત વસૂલ કરવા બાબતે કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કસુરવારો સામે શા પગલાં લેવામાં આવ્યા?

----

## દાહોદ અને મહીસાગર જિલ્લામાં સરકારી અનાજ સગેવગે કરવાની ફરિયાદ

15/8/2238 *42 **શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને મહીસાગર જિલ્લામાં સરકારી અનાજ સગેવગે કરવાની કેટલી ફરિયાદ સરકારને મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરિયાદ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## સુરત જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય

15/8/1447 *43 **શ્રી સંદીપ દેસાઈ (ચોર્યાસી):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં વર્ષ ૨૦૨૫-૨૬માં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવામાં આવી, અને

(૨) ઉક્ત ગણવેશ સહાય ચૂકવવા કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

----

## બનાસકાંઠા જિલ્લામાં નવી સરકારી માધ્યમિક શાળાઓ

15/8/1432 *44 **શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫-૨૬માં કેટલી સરકારી માધ્યમિક શાળાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી બનાસકાંઠા જિલ્લામાં કેટલી શાળાઓ મંજૂર કરવામાં આવી છે?

----

## નર્મદા જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય

15/8/1428 *45 **ડૉ.દર્શના ચંદુભાઇ દેશમુખ (નાંદોદ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ સમગ્ર શિક્ષા અંતર્ગત નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ છાત્રાલયમાં કયા ધોરણની કન્યાઓ નિવાસ કરે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ વિદ્યાલયમાં કન્યાઓને કઈ સુવિધાઓ આપવામાં આવે છે?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખાનગી શાળાઓ દ્વારા વસૂલવામાં આવતી ફી

15/8/2264 *46 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખાનગી શાળાઓ દ્વારા ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા કરવામાં આવેલ હુકમોનુ ઉલ્લંઘન કરીને વધુ ફી ઉઘરાવવામાં આવતી હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત હુકમોનુ ઉલ્લંઘન કરનાર કેટલી શાળાના સંચાલકો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## વલસાડ અને નવસારી જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2284 *47 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ વલસાડ અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ-કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર ઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?

----

## જૂનાગઢ જિલ્લાની ટીપી-૯ (સુખપુર)માં સવલતો

15/8/2289 *48 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૦૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ ટાઉન પ્લાનિંગ નિયમ-૨૧ અને ૩૫ હેઠળ તૈયાર કરવામાં આવેલ "જી" ફોર્મ મુજબ જૂનાગઢ શહેરની ટીપી-૯ (સુખપુર)માં સવલતો (Amenities) ઉપલબ્ધ કરાવવા ૧૯૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત ટીપીમાં કઈ કઈ કેટલી સવલતો પૂરી પાડવામાં આવેલ છે અને કેટલી બાકી છે,

(૩) સવલતો પુરી પાડવાની બાકી રહેવાના કારણો શા છે અને સમયમર્યાદામાં સવલતો પૂરી પાડેલ ન હોય તો સરકારે શી કાર્યવાહી કરી?

----

## બોટાદ તાલુકામાં હડદડ ગામ ખાતે સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા બનાવવા બાબત

15/8/1281 *49 **શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા (બોટાદ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ બોટાદ તાલુકામાં હડદડ ગામ ખાતે સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાની બિલ્ડિંગ બનાવવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉકત શાળા બનાવવા માટે કુલ કેટલી રકમનો ખર્ચ થશે?

----

## અમદાવાદ શહેરની ટી.પી. ૫૧ ની કપાત બાબતે રજૂઆતો

15/8/2272 *50 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ શહેરની ટી.પી. ૫૧(એકાવન) ફાઈનલ કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ટી.પી.માં ૪૦%ને બદલે ૨૦% કપાત કરવા કેટલી અરજીઓ/રજૂઆતો સરકારને મળી, અને

(૩) ઉક્ત મળેલ અરજીઓ/રજૂઆતો પરત્વે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## પંચમહાલ જિલ્લામાં ગેરકાયદેસર ખાદ્યાન્ન અને ખાદ્યતેલના સંગ્રહ માટે દરોડા

15/8/1490 *51 **શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા, અને

(૨) ઉક્ત દરોડામાં કેટલી કિંમતનો અને કયા પ્રકારનો ખાદ્યાન્ન અને ખાદ્યતેલનો કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો?

----

## પાટણ અને મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2258 *52 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ-કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર ઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?

----

## પાટણ અને મહેસાણા જિલ્લામાં ફી નિર્ધારણ સમિતિએ નિયત કરેલ ફી કરતાં વધુ ફી વસૂલવા બાબત

15/8/2265 *53 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કઈ-કઈ ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ફી નિર્ધારણ સમિતિએ નિયત કરેલ ફીથી વધુ ફી ઉઘરાવતા હોવાનું ધ્યાનમાં આવેલ છે,

(૨) આવી શાળાઓ સામે શા પગલા લેવામાં આવ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ નિયત થયેલ ફીથી વધુ ઉઘરાવેલ ફી કઈ-કઈ શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને પરત કરવામાં આવેલ છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ નિયત થયેલ ફીથી વધુ ઉઘરાવેલ ફી પરત ન કરી હોય તો આવી શાળાઓ પાસેથી ક્યાં સુધીમાં વિદ્યાર્થીઓને તે ફી પરત કરાવવામાં આવશે?

----

## આણંદ અને ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2281 *54 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ-કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર ઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?

----

## ગાંધીનગર અને અમરેલી જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2255 *55 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ ગાંધીનગર અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ-કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર ઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?

----

## છોટાઉદેપુર જિલ્લામાં ડૉ.સવિતાબેન આબેડકર આંતરજ્ઞાતીય લગ્ન સહાય યોજના

15/8/1657 *56 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતીય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, અને

(૨) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

----

## વડોદરા શહેરની ટીપી સ્કીમોની દરખાસ્ત

15/8/1356 *57 **શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલા (વાઘોડીયા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેરની કઈ અને કેટલી નગરરચના યોજનાઓની દરખાસ્ત મંજૂરી માટે સરકારમાં પડતર છે, અને

(૨) ઉક્ત દરખાસ્તોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

----

## સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં વિદ્યા સમીક્ષા કેન્દ્રો

15/8/2268 *58 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને બનાસકાંઠા

જિલ્લામાં તાલુકાવાર કેટલા વિદ્યા સમીક્ષા કેન્દ્રોનું બાંધકામ કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત બાંધકામ પેટે કઈ-કઈ એજન્સીને કુલ કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી?

----

## છોટાઉદેપુર અને અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2249 *59 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છોટાઉદેપુર અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ-કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર ઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?

----

## આણંદ અને નડિયાદ મહાનગરપાલિકામાં સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ

15/8/2278 *60 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ આણંદ અને નડિયાદ મહાનગરપાલિકામાં કેટલા સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે અને છેલ્લા બે વર્ષમાં કેટલા નવા મંજૂર કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ નવા મંજૂર કરેલ સીવેજ ટ્રીટમેન્ટને ક્યારે મંજૂરી આપવામાં આવી,

(૩) ઉક્ત મંજૂર સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે કઈ એજન્સીને વર્ક ઓર્ડર ક્યારે આપવામાં આવ્યો, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી કામગીરી પૂર્ણ થઈ અને કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી?

----

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાઓ

15/8/1178 *61 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓના કેટલા ઓરડાઓ નવા બનાવવામાં આવ્યા,

(૨) ઉક્ત પૈકી બાયડ, માલપુર અને સાઠંબા તાલુકામાં◌ં કેટલા ખર્ચે કેટલા નવીન ઓરડાઓ બનાવવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં કેટલા ઓરડાઓ જર્જરિત હાલતમાં છે અને ક્યાં સુધીમાં નવીન ઓરડાઓ બનાવવામાં આવશે?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જર્જરિત અને ઓરડા વગરની પ્રાથમિક શાળાઓ

15/8/2286 *62 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર જર્જરિત અને ઓરડા વગરની પ્રાથમિક શાળાઓ કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળામાં ભણતા વિદ્યાર્થીઓ માટે શી વૈકલ્પિક વ્યવસ્થાઓ કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓમાં ઓરડાઓ ન બનવાના કારણો શા છે?

----

## નર્મદા અને તાપી જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2285 *63 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ નર્મદા અને તાપી જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ-કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર ઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?

----

## રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2260 *64 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ-કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર ઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?

----

## વડોદરા અને સુરત જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2282 *65 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ વડોદરા અને સુરત જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ-કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર ઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?

----

## શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વર્ગદીઠ લઘુત્તમ વિદ્યાર્થીઓની સંખ્યા અલગ અલગ હોવા બાબત

15/8/2256 *66 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ શહેર/જિલ્લામાં અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વર્ગદીઠ લઘુત્તમ વિદ્યાર્થીઓની સંખ્યા અલગ અલગ હોવાની હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત શહેરી વિસ્તારની અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગદીઠ લઘુત્તમ વિદ્યાર્થીઓની સંખ્યા ઘટાડવા માટે વિભાગને કેટલી અરજીઓ મળી,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત મળેલ અરજીઓ અન્વયે સરકારે શી કાર્યવાહી કરી, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં લઘુત્તમ વિદ્યાર્થીઓની સંખ્યા ન થવાને કારણે કેટલી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેટલા વર્ગો બંધ થયેલ છે?

----

## છોટાઉદેપુર જિલ્લામાં મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ યોજના બાબત

15/8/1655 *67 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા, અને

(૨) ઉકત સ્થિતિએ કેટલી સ્કોલરશીપ આપવામાં આવી ?

----

## વાઘોડિયા શહેર સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બાબત

15/8/1365 *68 **શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલા (વાઘોડીયા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

તા.૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વાઘોડિયા શહેરમાં સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ મંજૂર કરવાનું આયોજન છે કે કેમ?

----

## સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય

15/8/2269 *69 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં રાજ્ય સરકાર હસ્તકના કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય માટે કેટલી ક્ષમતાના કેટલા મકાનોનું બાંધકામ કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત બાંધકામ પેટે કઈ-કઈ એજન્સીને કુલ કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી?

----

## ડાંગ અને પોરબંદર જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2250 *70 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ ડાંગ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ-કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર ઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?

----

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો

15/8/1276 *71 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન પ્રવાહની સ્નાતક અને અનુસ્નાતકની કેટલી કોલેજો કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાઓમાં કેટલી નવી કોલેજોને મંજૂરી આપવામાં આવી છે,

(૩) ઉક્ત સ્થિતિએ બાયડ, માલપુર અને સાઠંબા તાલુકામાં સરકારી કોલેજની સુવિધા ઉપલબ્ધ નથી, તે હકીકત સાચી છે, અને

(૪) જો હા, તો ઉક્ત તાલુકાઓમાં નવી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન પ્રવાહની

કોલેજ શરૂ કરવા માટેનું આયોજન છે કે કેમ?

----